ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૩

અંક : ૯

## અસર

૬ થી ૧૪ વર્ષના બાળકોનું પ્રાથમીક શિક્ષણનું સ્તર જાણવા ભારતમાં ૨૦૦૫થી "એન્યુઅલ સ્ટેટસ ઓફ એજયુકેશન રીપોર્ટ (અસર) નાગરીકો દ્વારા કરવામાં આવતો સૌથી મોટો વાર્ષિક સર્વે છે. આ સર્વે દ્વારા આજ સુધીમાં એ જાણી શકાયું કે ભારતમાં ૯૬.૫ % બાળકો શાળામાં નોંધાયેલા છે. જેમાથી ધોરણ ૫ના લગભગ અડધા બાળકો ધો–૨ ના સ્તરનો પાઠ વાંચી શકતા નથી. ધોરણ પાંચના લગભગ ૩૦ % બાળકો બાદબાકી કરી શકતા નથી, તથા ધોરણ પાંચના ૬૦ % થી વધારે બાળકો ભાગાકાર કરી શકતા નથી. આ સર્વેના પરીણામોની રાષ્ટ્રિય, રાજય અને જીલ્લા સ્તરે વ્યાપક ચર્ચા થઈ. જેથી અસરનો ઉલ્લેખ આયોજન પંચમાં પણ થયો છે. કેટલીક રાજય સરકારોએ બાળકોના શૈક્ષણીક સ્તરમાં સુધારો લાવવા માટે કાર્યક્રમો શરૂ કર્યા છે અને ચાલી રહેલા કાર્યક્રમોના મુલ્યાંકન તથા જરુરી આકારણી કરી તેમાં જરુરી ફેરફાર કરેલ છે.

દરેક જીલ્લામાં સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ ના ૨૫ થી ૩૦ હજાર સ્વયંસેવકો દ્વારા ૭ લાખ જેટલા બાળકો સુધી અસર સર્વેની પહોંચ બની છે.

આ અસર સર્વે ગુજરાતમાં પ્રથમ નામની સંસ્થા જુદી જુદી સ્વૈ.સંસ્થાઓની મદદથી કરે છે. જે માટે તેઓ દરેક જીલ્લામાં સહયોગ કરનાર સંસ્થા /એજન્સીના કાર્યકરોની ચાર દિવસની ટીઓટી કરી જીલ્લા કક્ષાએ માસ્ટર ટ્રેનર ઉભા કરે છે. જેઓ દરેક જીલ્લામાં આ સર્વે માટે વોલીન્ટીયર્સ પસંદ કરી તેની તાલીમ બાદ સર્વે હાથ ધરે છે. આવી તાલીમ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ખાતે તા. ૯–૧૦ સપ્ટેમબર ૨૦૧૧ ના રોજ યોજાઈ ગઈ જેમાં ૩૦ વોલીન્ટીયર્સએ ભાગ લીધો.

તાલીમ દરમીયાન અસર એટલે શું?, અસર ના પરીણામો તથા તેની અસર, સર્વે કેમ કરવો, પ્રશ્નાવલી કેમ ભરવી, ગામે જઈ કોને મળવું, ઘરની પસંદગી કેમ કરવી, વગેરે બાબતો શીખવવામાં આવી તથા તાલીમની ટેસ્ટ લઈ સ્વયંસેવકો કેટલું શીખ્યા તે જાણવામાં આવ્યું. તાલીમના બીજે દિવસે ૬–૬ સ્વયંસેવકોની ટીમ બનાવી. ભુતીયા, ગીરીયા, નાના માચીયાળા, મોટા માચીયાળા, ગામો જઈ ખરેખર પ્રશ્નાવલી કેમ ભરવી તે માટે ડ્રેમોસ્ટેશન કર્યુ. આ સર્વેમાં સંસ્થા દ્વારા અમરેલી જીલ્લાના ૩૦ ગામોમાં સર્વે કરવામાં આવ્યો.

– ખ્યાતિ ધ્રુવ

**અનુભવ મેળવવા કરતા અનુભવ મેળવીને જીવવું સારૂં છે.**

**ક્રાંતિ**

મિત્રો હમણા આપણે આઝાદીની બીજી લડાઈ અને અન્ના હજારેના અનશનનો પરચો જોયો. દેશવાસીઓ અન્ના હજારેની સાથે ઉભા રહયા. આ ઝડપી એવી એકવીસમી સદીમાં જયારે આપણે જીવી રહયા છીએ ત્યારે આપના પાડોશમાં કોણ રહે છે તેની પણ જાણ હોતી નથી એવા સમયે આવી ક્રાંતિ નવાઈ પમાડે પણ ખરેખર જનતા જાગે ત્યારે ક્રાંતિનો જન્મ થાય છે. હમણા ઈન્ટરનેટ પર થોડી શોધખોળ ના અંતે વર્ષ ૨૦૧૦ – ૧૧ ની કેટલીક આવી ઘટનાઓની વિગતો મળી જે આપની સમક્ષ મુકતા મને આનંદ થાય છે કે હજુ પણ લોકો પોતાના અધિકારો અને લોકશાહી માટે આવી ક્રાંતિઓને જન્મ આપે છે અને અન્ના હજારે જેવા લોકસેવક આ જયોતને પ્રજવલ્લીત રાખી રહયા છે.

**ટયુનિશીયન ક્રાંતિ**

શરૂઆતઃ– તા. ૧૮ ડીસેમ્બર ૨૦૧૦
સ્થળઃ– ટયુનિશીયા
હાલની સ્થિતીઃ– શરૂ
કારણોઃ– સરકારી ભ્રષ્ટાચાર, ફુગાવો, મહમદ બાવઝીઝી નું આત્મ બલિદાન, બેરોજગારી
લાક્ષણિકતાઓઃ– નાગરીક પ્રતિકાર, દેખાવો, હડતાલ, આત્મ બલિદાન, સ્વયં બળવા
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ–૨૨૪, ઈજા–૯૪

**ઈજીપ્ત ક્રાંતિ (આરબ બળવાનો એક ભાગ)**

શરૂઆતઃ– તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૧
સ્થળઃ– ઈજીપ્ત
હાલની સ્થિતી – આજ સુધી શરૂ
કારણોઃ– પોલીસ ક્રૂરતા, કટોકટી, ચૂંટણી છેતરપીડી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, ફુગાવો, નીચા લઘુતમ વેતન
લાક્ષણિકતાઓઃ– સવિનય ભંગ, નાગરીક પ્રતિકાર, સિવિલ પ્રતિકાર, દેખાવો, તોફાનો, હડતાલ, આત્મ બલિદાન, ઓનલાઈન સક્રિયતા
કમનસીબ ઘટનાઓઃ–મૃત્યુ–૮૪૬(૧૩૫ દેખાવકારો, ૧૨ પોલીસમેન, ૧૮૯ કેદીઓ, ૧ જેલર)
ઘાયલ ૬૪૬૭ લોકો

**લીબીયન નાગરીક યુધ્ધ (આરબ બળવાનો ભાગ)**

શરૂઆતઃ– તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૧
સ્થળઃ– લીબીયા
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણોઃ– શાસક ગદાફી અને તેની આપખુદી
કમનસીબ ઘટનાઓ :– મૃત્યુ – ૧૭૬૬ સૈનિકો, ૮૧૨ ધરપકડ, અંદાજે ૨૦૦૦૦ મોત

**સીરીયન ક્રાંતિ (આરબ બળવાનો એક ભાગ)**

શરૂઆતઃ– તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૧
સ્થળઃ– સીરીયા
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણોઃ– સરમુખત્યારશાહી, અસરકારક બંધારણની ગેરહાજરી, સરકારનો ભ્રષ્ટાચાર, બેકારી
ઉદેશ્યઃ– બશર અલ અશાદનું રાજીનામુ, ડેમોક્રેટીક સુધારા, વિસ્તૃત નાગરિક અધિકાર, વંશીય લઘુમતી અધિકારોને માન્યતા, કટોકટીનો કાયદો હટાવવો
લાક્ષણિકતાઓઃ– નાગરીક પ્રતિકાર, દેખાવો, ભુખ હડતાલ, આત્મ બલિદાન, સશસ્ત્ર પ્રવૃતિઓ
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ ૧૮૦૦ – ૨૧૫૪ નાગરીક અને ૪૦૬ – ૫૦૦ સુરક્ષાદળના જવાનો તથા ૧૮૫૭ જવાનો ઘાયલ,હજારો દેખાવકારોને ઈજા, ધરપકડ ૧૨૬૧૭

**અલ્જેરીયન ક્રાંતિ (આરબ બળવાનો ભાગ)**

શરૂઆતઃ– તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૦
સ્થળઃ– અલ્જેરીયા
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણોઃ– ફુગાવો, ઓછુ વેતન, બેકારી, કરવેરા
ઉદેશ્યઃ– શાસન ફેરફાર, માનવ અધિકાર, લોકશાહી

**સ્મરણ કરવું આપના હાથની વાત છે અને જીવન મરણ પ્રભુના હાથની વાત છે.**

લાક્ષણિકતાઓઃ– નાગરીક પ્રતિકાર, દેખાવો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ – ૮, ઈજા ૪૨૦ કરતા વધારેને ઈજા

**બેહરીન ક્રાંતિ (આરબ બળવાનો એક ભાગ)**

શરૂઆતઃ– તા. ૧૪ ફેબ્રૂઆરી ૨૦૧૧
સ્થળઃ– બેહરીન
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણોઃ– બેકારી, ભ્રષ્ટાચાર, શીયા સામે ભેદભાવ
ઉદેશ્યઃ– બંધારણીય રાજાશાહી, રાજા હમાદનું રાજીનામુ, બંધારણનું પૂનર્લેખન, આર્થિક અને માનવ અધિકારના ઉલ્લઘનનો અંત, વિદેશી ભાડુતીઓનો દેશનિકાલ, શિયા માટે સમાનતા, ન્યાયી ચૂંટણી સ્વતંત્રતા
લાક્ષણિકતાઓઃ– નાગરીક પ્રતિકાર, અહિસક ક્રાતી, દેખાવો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ – ૪,૨૧,૦૦૦ કરતા વધારેને ઈજા અને ધરપકડ ૮૨૮

**ઈરાનીયન ક્રાંતિ (આરબ બળવાની અસર)**

શરૂઆતઃ– તા. ૧૪ ફેબ્રૂઆરી ૨૦૧૧
સ્થળઃ– ઈરાન
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણો :– ૨૦૦૯ની ચૂંટણી દરમિયાન કથીત છેતરપીંડી, માનવ અધિકારનું ઉલ્લઘન
લાક્ષણિકતાઓ :– નાગરીક પ્રતિકાર, સિવિલ પ્રતિકાર, દેખાવો, તોફાનો, હડતાલ, આત્મ બલિદાન, ઓનલાઈન સક્રિયતા
કમનસીબ ઘટનાઓ :– મૃત્યુ – ૧૮, ઈજા ૯૧ અને ધરપકડ ૧૫૩૪

**ઈરાકી ક્રાંતિ (આરબ બળવાની અસર)**

શરૂઆતઃ– તા. ફેબ્રૂઆરી ૨૦૧૧
સ્થળઃ– ઈરાક
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
કારણોઃ– ભ્રષ્ટાચાર, નબળી રાષ્ટ્રીય સુરક્ષા, નબળી નાગરીક સેવાઓ, બેકારી અન્ય દેશોની દખલગીરી
લાક્ષણિકતાઓઃ– દેખાવો, તોફાનો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ – ૩૫

**જોર્ડન બળવો**

શરૂઆતઃ– તા. ૦૭ જાન્યુઆરી ૨૦૧૧
સ્થળઃ– જોર્ડન
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
ઉદેશ્યઃ– શાસનમાં બદલાવ,માનવ અધિકાર અને લોકશાહી
કારણોઃ– ફુગાવો, ઓછુ વેતન, બેકારી, કર, તણાવો
લાક્ષણિકતાઓઃ– દેખાવો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ – ૨, ઇજા – ૩૫

**મોરકકો બળવો**

શરૂઆતઃ– તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૧
સ્થળઃ– મોરકકો
હાલની સ્થિતીઃ– આજ સુધી શરૂ
ઉદેશ્ય – બંધારણીય સુધારા
લાક્ષણિકતાઓઃ– દેખાવો, હુલ્લડો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ – ૬ અને ઇજા ૧૨૮ (૧૧૫ પોલીસમેન સહીત)

**ઓમાની બળવો**

શરૂઆતઃ– તા. ૧૭ જાન્યુ–૧૦ થી ૩૧ મે ૧૧
સ્થળઃ– ઓમાન
હાલની સ્થિતીઃ– પૂર્ણ
ઉદેશ્યઃ– પગાર વધારો, નોકરીઓમાં વધારો, ભ્રષ્ટાચાર નિર્મૂલન
લાક્ષણિકતાઓઃ– દેખાવો, હુલ્લડો
કમનસીબ ઘટનાઓઃ– મૃત્યુ ૨ – ૬ અને ઇજા ૨૦

**– ભરત વાળા**

***નમ્રતા વિનાનો માણસ પાણી વગરની નદી જેવો છે.***

## ગ્રામ આરોગ્ય સ્વસ્છતા સમિતિ

ભારત સરકારના નેશનલ રૂરલ હેલ્થ મીશન (NRHM) કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ મીશનની શરૂઆત ૨૦૦૫માં થઈ.

બાળમૃત્યુદર અને માતામૃત્યુ દરમાં ઘટાડો, વસ્તી વધારામાં સ્થિરતા, બિમારીના ફેલાવામાં અટકાવ તથા માતા–બાળ સ્વાસ્થ સેવા વગેરે મુદાઓનો સમાવેશ થયો છે. તેમજ (૧) દરેક બાળકનો જન્મ તાલીમ પામેલ કુશળ આરોગ્ય સેવા આપનાર દ્વારા થશે. (૨) દરેક મહિલાને આકસ્મિક પ્રસૃતિ સેવા પહોચતી કરાશે. (૩) એક મહિનાની ઉંમરનાં દરેક બાળકને પ્રાથમિક અને આવશ્યક સેવાઓ મળશે. (૪) બાળકોને રોગો સામે સારવાર મળશે. (૫) દરેક કુંટુંબ નાનું રહે તે માટે કુંટુંબ નિયોજનના સાધનોની પહોંચ વધારાશે. (૬) કિશોર– કિશોરીના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોનો ઉપચાર અને પરામર્શની સેવા ઉપલબ્ધ કરાશે. (૭) દરેકને સ્વાસ્થ્ય શિક્ષણ પુરુ પાડશે. વગેરેની રાષ્ટ્રીય ગ્રામીણ મિશને બાંહેધરી આપેલી છે.

ગુજરાત રાજયમાં ગામ કક્ષાએ આ મિશનના ભાગ રૂપે પ્રવૃતિ હાથ ધરવામા આવી છે જેમ કે, (૧) ગામમાં લોકો સુધી સ્વાસ્થ્ય અંગે જાણકારી પહોંચે તેમાટે આશાની નિમણૂંક કરી છે. (૨) દરેક ગામમાં નિયત થયેલા દિવસે મમતા દિવસનું આયોજન થાય છે. (૩) ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા ગામને આરોગ્ય કેન્દ્ર સાથે સાંકળી લેવામાં આવ્યા છે જેથી સમયસર સ્વાસ્થ્ય સેવાઓ લોકો સુધી પહોચી શકે (૪) કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૪ કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ ખુલ્લા રહે તેવી સગવડ કરવામાંઆવી છે. (૫) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સમુદાય સ્વાસ્થ્ય કેન્દ્ર પર નિષ્ણાંત ડાકટર દા.ત. બાળ નિષ્ણાંત સ્ત્રી રોગ નિષ્ણાંતની નિમણુંક કરવામાં આવી છે.

સ્વાસ્થ્ય સેવાઓ લોકો સુધી પહોચે તે માટે દરેક સ્તરપર સ્વાસ્થ્ય સેવાનું પંચાયત સાથે જોડાણ કરવામાં આવ્યું છે અને ગુજરાતના દરેક ગામડાઓમાં ગ્રામ આરોગ્ય સ્વસ્છતા સમિતી–VHSCની રચના કરવામાં આવી છે. આ ગ્રામ આરોગ્ય સ્વસ્છતા સમિતી ૧૧ વ્યકિતઓની બનેલી હોય છે.

ગામ લોકોની આરોગ્યની જરૂરીયાત ધ્યાનમાં રાખી ગામ આરોગ્યની કાર્યયોજના તૈયાર કરવી. આંગણવાડી કેન્દ્ર નિયમિત ચાલે છે કે નહી અને બાળકો, સગર્ભા અને ધાત્રીમાતાને પુરક આહાર નિયમિત મળે છે કે નહી તેની દેખરેખ રાખવી. મમતા દિવસ નકકી કરેલા દિવસે ઉજવાય તેની ખાત્રી કરવી તેમજ મમતા દિવસમાં નકકી કરેલી સેવાઓ માતા અને બાળક ને મળે તેની દેખરેખ રાખવી અને ખાત્રી કરવી વિગેરે પ્રવૃતિઓ ગ્રામ આરોગ્ય અને સ્વચ્છતા સમિતિ કરે છે. આ ઉપરાંત દર ત્રણ મહિને સમિતિના સભ્યોએ મિટિંગ

**આજના સુરજને આવતી કાલનાં વાદળ પાછળ છુપાવવો તેનું નામ ચિંતા.**

કરવાની હોય છે. મિટિંગમાં ગામના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોના હલ કેવીરીતે કરવા કઈ વ્યકિત શુ કરશે, કઈ જવાબદારી નિભાવાશે તેમજ તેમનું સંચાલન કોણ કરશે તે VHSCના સભ્યો સામુહિક નિર્ણયો લઈ અને કાર્ય કરશે.

ગુજરાતમાં આ સમિતીઓની રચના રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીએચસી – ૧૦૨૦૦૬ – ૧૧૩૫ – બ તા. ૯/૨/૦૭ અનુસાર થયેલ છે.

આ સમિતીઓ સંપુર્ણપણે કાર્યરત ન થઈ શકી હોય કે સમિતીઓના સભ્યોને તેની ભૂમિકા અને જવાબદારીઓ બાબતે સ્પષ્ટતા ન હોય અથવા આ તમામ બાબતોમાં ઉદાસિનતા પણ હોય શકે તેવા સંદર્ભમાં ગ્રામ આરોગ્ય સ્વસ્છતા સમિતી સરકારશ્રીના ઉકત ઠરાવની જોગવાઈ અનુસાર કાર્યરત થાય તે જન સમૂહના હિતમાં ખુબ જરુરી લાગ્યુ છે કારણ કે આરોગ્ય કે અન્ય સેવા આપનારાઓ તથા લોકો વચ્ચે તે મજબુત કડી બની શકે અને ખરેખર જે પ્રશ્નો છે તેને બહાર લાવી તેના ઉકેલની દિશામાં કામ કરી શકે તેમ છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ તેઓને સોંપવામાં આવેલ કામગીરી કરવા માટે તેઓ કુશળતા પ્રાપ્ત કરે તે હેતુ થી તેમના કાર્યોને ધ્યાનમાં રાખી આ સમિતીના તમામ સભ્યોના ક્ષમતા વર્ધનની કામગીરી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

જે તે વિસ્તારની આ પ્રકારના કાર્યમાં કાર્યરત હોય તેવી સ્વૈચ્છિક સંસ્થાઓને પસંદ કરવાનું કામ એક નોડલ એજન્સી તરીકે કાર્યરત સંગઠનને સોંપવામાં આવ્યુ.

વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન ક્ષમતાવર્ધનના આ કાર્યના ફેઝ–૧ માં અમુક જીલ્લામાં હાથ ધરાયેલ આ કામગીરીમાં અમરેલી સ્થિત સ્વૈ. સંસ્થા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ખાંભા તાલુકાના ૬૦ VHSCના સભ્યોની તાલીમ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ક્ષમતાવર્ધનના આ કાર્યના ફેઝ–૨માં પણ અમુક જીલ્લાઓને સમાવતા જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા ૭૭ VHSC ના સભ્યોની તાલીમ કરવા માટે સંસ્થાના ૪ કાર્યકરોની માસ્ટર ટ્રેનર / ફેસીલીટેટર તરીકેની તાલીમ ઓગષ્ટ તથા સપ્ટેબર માસ દરમ્યાન યોજાઈ હવે તેઓ દ્વારા દરેક VHSC ના સભ્યોની મુલાકાત કરી બૈઝીક સર્વે તથા ઓરીએન્ટેશનની કામગીરી હાથ ધરાયેલ છે. જે પુર્ણ થયેથી જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાથે સંકલનમાં રહી બે દિવસની VHSCના સભ્યોની તાલીમ કરશે.

**સંકલન : હેતલ પાનસુરીયા**

***કપડા ભલે જીર્ણ પહેરો પણ દિલ કદી ફાટેલું રાખતા નહી.***

**પ્રાર્થનાચિઠી એક શિક્ષકની વેદના... એક બાળકની કલમે**

પ્રતિ,
શ્રી ભગવાનભાઈ ઈશ્વરભાઈ
પરમાત્મા(શંખચક્રવાળા)
સ્વર્ગ લોક, નર્કની સામે,
વાદળાની વચ્ચે
મું. આકાશ

પ્રિય મિત્ર ભગવાન,

જય ભારત સાથ જણાવવાનું કે હું તારા ભવ્યમંદિરથી થોડે દુર આવેલી એક સરકારી શાળાના ૭માં ધોરણામાં ભણું છું. મારા પિતાજી દાણાપીઠમાં મજુરી કરે છે અને મારી મા રોજ બીજાના ઘરકામ કરવા જાય છે. હું શું કામ ભણું છું. એની મારા મા– બાપને ખબર નથી. કદાચ શિષ્યવૃતિના પૈસા અને મફત જમવાનું નિશાળમાંથી મળે છે એટલે મારા મા–બાપ મને રોજ નિશાળે ધકેલે છે. ભગવાન, બે–ચાર સવાલો પૂછવા માટે મેં તને પત્ર લખ્યો છે. મારા સાહેબે કિધુ તુ કે તુ સાચી વાત જરૂર સાંભળે છે.

**પ્રશ્ન–૧.** હું રોજ સાંજે તારા મંદિર આવું છું અને નિયમિત સવારે નિશાળે જાવ છું પણ હે ભગવાન તારી ઉપર આરસપહાણનું મંદિરને એ.સી. છે અને મારી નિશાળમાં ઉપર છાપરૂ ય કેમ નથી.. દર ચોમાસે પાણી ટપકે છે, આ મને સમજાતું નથી..!

**પ્રશ્ન–૨.** તને રોજ ૩૨ ભાતનાં પકવાન પીરસાય છે ને તું તો ખાતો ય નથી.. અને હું દરરોજ બપોરે મધ્યાહ્નભોજનના એક મુઠી ભાતથી ભુખ્યો ઘરે જાઉં છું..! આવું કેમ..?

**પ્રશ્ન–૩.** મારી નાની બેનનાં ફાટેલા ફ્રોક ઉપર કોઈ થીગડું ય મારતું નથી અને તારા પચરંગી નવા નવાં વાઘા..! સાચું કહું ભગવાન હું રોજ તને નહી , તારા કપડા જોવા આવું છું...!

**પ્રશ્ન–૪.** તારા પ્રસંગે લાખો માણસો મંદિરે સમાતા નથી અને ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટે જયારે હું બે મહિનાથી મહેનત કરેલું દેશભકિતગીત રજુ કરૂ છું ત્યારે, સામે હોય છે માત્ર મારા શિક્ષકો.. ને બાળકો..હે ઈશ્વર તારા મંદિરે જે સમાતા નથી ઈ બધાય "મારા મંદિર" મા કેમ ડોકાતા નથી..!

**પ્રશ્ન–૫.** તને ખોટુ લાગે તો ભલે લાગે પણ મારા ગામમાં એક ફાઈવસ્ટાર હોટલ જેવું મંદિર છે ને એક મંદિર જેવી પ્રાથમિક શાળા છે. પ્રભુ..! મે. સાભળ્યું છે કે તું તો અમારી બનાવેલી મૂર્તિ છો, તો'ય આવી જલજલાટ છો અને અમે તો તારી બનાવેલી મૂર્તિ છીએ તો'ય અમારા ચહેરા ઉપર નુર કેમ નથી..?

શકય હોય તો પાંચેયના જવાબ આપજે.. મને વાર્ષિક પરીક્ષામાં કામ લાગે.. ! ભગવાન મારે ખુબ આગળ ભણવું છે ડોકટર થવું છે પણ મારા મા–બાપ પાસે ફી ના કે ટયુશનનાં પૈસા નથી.. તું જો તારી એક દિવસની તારી દાનપેટી મને મોકલેને તો હું આખી જીંદગી ભણી શકું... વિચારીને કે'જે...! હું જાણું છું તારે' ય ઘણાયને પૂછવું પડે એમ છે. પરંતુ ૭ માં ધોરણની વાર્ષિક પરીક્ષામાં જો તું મારામાં ધ્યાન નહી આપે તો મારા બાપું મને સામે ચા વાળાની હોટલે રોજના રૂા. પાંચ ના ભવ્ય પગારથી નોકરીએ રાખી દેશે..! ને પછી આખી જીંદગી હું તારા શ્રીમંત ભકતોને ચા પાઈશ.. પણ તારી હારે કીટા કરી નાખીશ..! જલ્દી કરજે ભગવાન.. સમય બહું ઓછો છે તારી પાસે અને મારી પાસે પણ..!

*લી. એક સરકારી શાળાનો ગરીબ વિધાર્થી*
*અથવા*
*ભારતના એક ભાવિ મજુરના વંદે માતરમ*

**સ્વ માટે પ્રાથીએ તે તો માત્ર યાચના છે, સો માટે યાચીએ તે જ સાચી પ્રાર્થના છે.**


અસર સર્વે


અસર સર્વેની તાલીમ


પેપર રીસાયકલ પ્રેક્ટીસ


પેપર રીસાયકલ તાલીમ


સમીક્ષા બેઠક અમરેલી



સમીક્ષા બેઠક ધરમપુર

જીવનનો આધાર વાણી અને પાણી પર છે.

**Well wisher of this month**

| | |
|---|---|
| 1336 | Manu Bhatnagar |
| 840 | Soumitra Bhattacharya |
| 840 | Shekahr Pawar |
| 840 | Kalpesh Upadhyay |
| 3900 | Harsh Mariwala |
| 9900 | Nikhil Talati |
| 840 | Vinay Rao |
| 840 | Kishore Deevi |
| $19.91 | Ravikant Singh |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

**Angage on this month**

| | |
|---|---|
| 02 | UPNRM potential partner meet Lucknow |
| 09-12 | ASER training & survey |
| 11 | Board Meeting - Amreli |
| 11-12 | Paper Recycle training - Amreli |
| 12-16 | VHSC Training - Ahmedabad |
| 13 | Starting of Aribharat Class - Gir Gadhada |
| 15 | Planning And Review of Whether Insurance - Ahmedabad |
| 20 | Avirat Board Meeting - Khambha |
| 20-24 | Exposure tour Ralegan Maharashtra |
| 22 | SKVAW Meeting - Amreli |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઉપવાસ તુટે તો વાંધો નહિ, કોઈનું દિલ ના તુટવું જોઈએ.**